## વડોદરા મહાનગર પાલિકા

**જાહેરનામું**

ભારત સરકાર દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ નું નોટીફીકેશન ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. નોટીફીકેશનનાં સેકશન-૪(૪) માં જણાવ્યા મુજબ કોઇપણ વ્યક્તિ/આયોજક દ્વારા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની હદમાં લાયસન્સવાળી જગ્યા સિવાયની જગ્યાએ ૧૦૦(સો) વ્યક્તિથી વધારે લોકો ભેગા થતા હોય, તેવા પ્રસંગોનું આયોજન સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની પૂર્વ મંજૂરી વિના આયોજન કરી શકશે નહી, તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ આવા આયોજન બાબતે ૩(ત્રણ) દિવસ પહેલા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાને જાણ કરવાની જોગવાઇ છે. આવા કોઇપણ વ્યક્તિ/આયોજક દ્વારા સેગ્રીગેશન(વર્ગીકરણ) કરવાનું તથા આ સેગ્રીગેટેડ વેસ્ટ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સુચવે તે વેસ્ટ-કલેક્ટરને આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

આથી હું અજય ભાદુ (*IAS*), મ્યુનિસિપલ કમિશનર, વડોદરા મહાનગરપાલિકા જણાવુ છું કે, કોઇપણ વ્યક્તિ/આયોજક વડોદરા મહાનગરપાલિકાની હદમાં લાયસન્સવાળી જગ્યા સિવાયની જગ્યાએ ૧૦૦(સો) વ્યક્તિથી વધારે લોકો ભેગા થતા હોય, તેવા પ્રસંગોનું આયોજન કરશે તો, આયોજકે આયોજનના ૩(ત્રણ) દિવસ પહેલા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. તેમજ આવા વ્યક્તિ/આયોજક ઉત્પન્ન થયેલ સોલીડ વેસ્ટનું સેગ્રીગેશન(વર્ગીકરણ) કરી તથા આ સેગ્રીગેટેડ વેસ્ટ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સુચવે તે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન એજન્સીને આપવાનું ફરજિયાત રહેશે. જો કોઇ વ્યક્તિ/આયોજક વડોદરા મહાનગરપાલિકાની પૂર્વ મંજૂરી વગર આ પ્રકારનું આયોજન કરશે તો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ તથા ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ મુજબ વહીવટી ચાર્જ વસુલવામાં આવશે તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

P.R.O No. 532/2018-19 **મ્યુનિસિપલ કમિશનર**